**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન–બી(કનકપુર),**
**સ્વામીનારાયણ મંદીરની બાજુમાં**
**ગુ.હા.બોર્ડ, સી.ઓ.પી.નં.૦૫**
**પૈકી, કનકપુર, સુરત**

**નં. સા.ઝોન /ટેક/૨૦૦૭**
**તા. ૩૦/૦૯/૨૦૨૨**

**પ્રતિ,**
....................
....................
....................
....................

**વિષયઃ–** સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં આવેલ સચીન ઓફિસના મકાનમાં પાર્ટીશન, ફર્નિચરને લગતી કામગીરી કરવાનું કામ.

**સંદર્ભઃ–** (૧) સ્થા.સ.ઠ.નં.૫૭૨/૨૦૨૨, તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજ મંજુર થયેલ ભાવો
(૨) મે.ડે.મ્યુ.કમિશ્નરશ્રીની તા. ૩૦/૦૯/૨૦૨૨ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં આવેલ સચીન ઓફિસના મકાનમાં પાર્ટીશન, ફર્નિચરને લગતી કામગીરી કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૫૭૨/૨૦૨૨, તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજ મંજુર થયેલ ટેન્ડર અંદાજીત રકમ થી ૭.૨૭% નીચાં ભાવે મંજુર કરવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબના ઠરાવ અને ટેન્ડરના મંજુર ભાવ અને શરતે મુજબ રૂા.૨,૧૪,૬૪૪.૦૦ પૈ. થી ૭.૨૭% નીચું એટલે કે રૂા.૧,૯૯,૦૩૯.૩૮ પૈ. ની મર્યાદામાં ઉકત વિષય મુજબની કામગીરી કરવામાં આવશે.

ઉકત કામગીરી રૂા.૧,૯૯,૦૩૯.૩૮ પૈ. ની મર્યાદામાં સ્થા.સ.ઠ.નં.૫૭૨/૨૦૨૨, તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજ મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતે કામ કરવા સમંત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ **<u>તા.૦૪/૧૦/૨૦૨૨</u>** સુધીમાં સાઉથ ઝોન–બી (કનકપુર) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ લેખિત સંમતિ સ્વીકારવામાં આવશે નહી.

**– : શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે.ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૨,૦૦૦/– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે 'ઈ–૨ વર્ગ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (ફોર્મ ૩–એ) ની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના ટર્નઓવર સી.એ.ના લેટરપેડ પર સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજાદાર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈ પણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહિ.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાના રહેશે.

૧૧. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના DETAIL TECNICAL SPECIFICATION મુજબ કરવાની રહેશે.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–બી(કનકપુર)**
**સુરત મહાનગરપાલિકા**